chapter. 7

# પ્રકરણ – ૭

# ઉપસંહાર

# પ્રકરણ : ૭ : ઉપસંહાર :

વિવેચકે પ્રથમ પુસ્તક 'અપરિચિત અ અપરિચિત બ' ઈ.સ. ૧૯૭૫માં પ્રકાશિત કર્યું. તે સમયે સુરેશ જોષી, હરિવલ્લભ ભાયાણી, સુમન શાહ, પ્રમોદકુમાર પટેલ, સિતાંશુ યશશ્ચંદ્ર જેવા વિવેચકો સક્રિય હતા. આધુનિકતાવાદી વિચારસરણીનો પ્રભાવ હતો. પાશ્ચાત્ય વિચારણા અને કૃતિઓ વિશે અનુવાદ, દોહન, વિવેચન કે તુલનાત્મક પદ્ધતિએ ચર્ચા વિચારણા થતી. આધુનિકતાવાદી વિચારધારાના પ્રબળ પ્રભાવથી પરંપરાનો આત્યંતિક કક્ષાએ વિરોધ સાહિત્ય સર્જન-વિવેચન ક્ષેત્રે થયો. સાહિત્યિકપ્રવાહની મુખ્ય અને ગૌણ ધારાઓ સાથે જ અસ્તિત્વ ધરાવતી હોય છે. આધુનિકતાવાદી મુખ્ય ધારાની સાથે પરંપરાવાદી ગૌણ ધારા પણ પોતાનો માર્ગ કરતી હતી. આધુનિકતાનો જુવાળ ધસમસતા વેગથી ઘણું બધું પોતાની સાથે લઈને ચાલ્યો. નવી પદ્ધતિ, નવા વિચારો, નવા ક્ષેત્રો, વિશિષ્ટ પ્રતિભા અને સ્વાયત્ત, શુદ્ધ કલાનો આદર્શ એક મોહિની પાથરી રહ્યો હતો. આ સમયે ચન્દ્રકાન્ત ટોપીવાળાએ સાહિત્યપ્રવૃત્તિ શરૂ કરી.

એમણે કાવ્યલેખનથી પ્રારંભ કર્યો એમ એમના પ્રથમ પ્રકાશિત કાવ્યસંગ્રહ 'મહેરામણ' (પ્ર.આ. ૧૯૬૩)ના આધારે કહી શકાય. આ સંગ્રહ પરંપરિત છંદોબદ્ધ રચનાઓ સમાવતો હતો. વિવેચકે એને રદ કરી 'કાન્ત તારી રાણી' (પ્ર.આ. ૧૯૭૧) નામે છંદ, પુસ્તકના આકાર, આયોજન; બધામાં પ્રયોગશીલતા દાખવતો બીજો કાવ્યસંગ્રહ પ્રગટ કર્યો. વિવેચકે 'મહેરામણ' રદ કર્યો એમાં એમનું અત્યંતિક કક્ષાએ પહોંચતું આધુનિકતાવાદી વલણ દેખાય છે. આ વલણ એમનાં આરંભનાં વિવેચનગ્રંથોમાં જોઈ શકાય છે. વિવેચક તરીકેની કારકિર્દીના આરંભે આધુનિકતાવાદ અને સાંપ્રત સમયમાં અનુઆધુનિકતાવાદ સાથે વિવેચકનો અનુબંધ રહ્યો છે. વિવેચકની ઉત્ક્રાંત ચેતનાનો આલેખ એમના પ્રદાનને વિશિષ્ટ રીતે મૂલવશે.

વિવેચકે ડિસેમ્બર ૨૦૦૬ સુધીમાં કુલ સત્તર વિવેચનગ્રંથો પ્રકાશિત કર્યાં છે. એમાં બધા મળીને કુલ ૮૦૭ (આઠસો સાત) લેખો અને પ્રકરણો છે. જેમાં ૧૪૩ (એકસો તેંતાળીસ) જેટલા સૈદ્ધાંતિક વિવેચનના લેખો છે અને ૫૧૯ (પાંચસો

ઓગણીસ) જેટલા પ્રત્યક્ષ વિવેચનના લેખો છે. પ્રત્યક્ષ વિવેચનમાં કાવ્યકૃતિ અને કાવ્યસંગ્રહનું વિવેચન ૩૧૩ (ત્રણસો તેર) લેખોમાં કર્યું છે. વિવેચકના કાર્યનો વ્યાપ ઘણો છે. એમણે સતત ક્રિયાશીલ રહીને સાતત્યપૂર્વક વિવેચનનું ક્ષેત્ર ખેડયું છે. એમણે વિશેષપણે પશ્ચિમની વિવિધ વિચારણા અને સૈદ્ધાંતિક ઊહાપોહને ગુજરાતી ભાષાની વિચારણામાં સામેલ કર્યા છે અને ગુજરાતી સાહિત્યની સિદ્ધાંત વિચારણા અને કૃતિઓ સંદર્ભે લાગુ પાડયાં છે. ભારતીય કાવ્યશાસ્ત્રનાં મહત્ત્વનાં સિદ્ધાંતોમાં રસવિચાર, ધ્વનિવિચાર, વક્રોક્તિ વિચારનો સિદ્ધાંત અને પ્રત્યક્ષ બંનેમાં વિનિયોગ કર્યો છે.

વિવેચકનું વિવેચન ક્ષેત્રે પ્રદાન નોંધનીય છે. એમણે આધુનિક કાવ્યભાષાનું સ્વરૂપ અને વ્યાકરણ તારવી આપ્યું. આધુનિક કૃતિઓની તપાસનાં નવાં નવાં ઓજારો એમણે પ્રયોજ્યાં. જે અભિગમ એમણે સિદ્ધાંતની સ્થાપનામાં સ્વીકાર્યો એ અભિગમને એમણે પ્રત્યક્ષ વિવેચનમાં પ્રયોજવાનો આગ્રહ પણ રાખ્યો. વિવેચકની આ પદ્ધતિને કારણે એમનાં વિવેચન કાર્યમાં એકવાક્યતા જળવાય છે. એમણે ભાષાલક્ષી અભિગમોને કાવ્યકૃતિઓમાં એ રીતે પ્રયોજ્યા કે જેથી દુર્બોધ લાગતી આધુનિક કૃતિઓ વિશે કોઈ નક્કર પરિણામગામી મૂલ્યધોરણો ઊભાં કરી શકાય. આ માટે એમણે ભાષાવિજ્ઞાન, વ્યાકરણશાસ્ત્ર અને ધ્વનિવિજ્ઞાન, રશિયન સ્વરૂપવાદી વિચારણા, નવ્ય વિવેચન, રોલાં બાર્થના સંરચનાવાદી અભિગમ, ચોમ્સ્કીનું 'જનરેટિવ ગ્રામર' આ સિદ્ધાંતોની વિચારણા ખપમાં લીધી. કૃતિના અર્થને કે ટૂંક સારને વર્ણવવાને બદલે કાવ્યની સંરચના, એની રૂપનિર્મિતિ સિદ્ધ કરતાં ઘટકો, એનાં રસબોધને શક્ય બનાવતાં સ્થાનો અને કાવ્યની ભાષા જેવાં વિવિધ કૃતિગત પાસાંને અનુલક્ષીને વિવેચન કર્યું. વિવેચકે ઈ.સ. ૧૯૯૦માં 'વિવેચનનો વિભાજિત પટ' પુસ્તકમાં કાવ્ય સિવાયના અન્ય સાહિત્ય સ્વરૂપો વિશે સૈદ્ધાંતિક અને કૃતિલક્ષી વિવેચન કર્યું છે. એટલે એમ કહી શકાય કે એમણે આરંભનાં પંદરેક વર્ષ સુધી માત્ર કાવ્યસ્વરૂપને કેન્દ્રમાં રાખી વિવેચન કર્યું છે. આ સમય દરમ્યાનમાં પણ આધુનિકતાનો પ્રભાવ વિવેચકની વિચારણામાં પ્રધાનપણે કાર્યરત હતો. વિવેચકે ખપમાં લીધેલાં ભાષાલક્ષી ઓજારો અને કૃતિવિશ્લેષણની પદ્ધતિઓનો થોડા અંશે પ્રભાવ કેટલાક અનુગામી

વિવેચકોમાં મળે છે. કાવ્યકૃતિના વૈજ્ઞાનિક અભ્યાસ માટેનાં ઓજારો એમણે સિદ્ધાંત અને પ્રત્યક્ષ વિવેચન દ્વારા ઉપલબ્ધ કરાવ્યાં એ એમની મોટી સિદ્ધિ છે.

વિવેચકે સિદ્ધાંતની સાથે સાથે પ્રત્યક્ષનું ક્ષેત્ર ખૂબ વિપુલ પ્રમાણમાં ખેડયું છે. ગુજરાતી ભાષાની સમકાલીન કૃતિઓની, અને તેમાં પણ ખાસ કરીને કાવ્યસંગ્રહોની, મોટી સંખ્યામાં પ્રત્યક્ષ વિવેચના કરી છે. તેમનું વિવિધ અભિગમોને પૂરી સજ્જતાથી અને ગંભીરતાથી કૃતિલક્ષી વિવેચનમાં પ્રયોજવાનું કાર્ય પ્રશસ્ય છે. વિવેચકનો ગુણ છે કે તેઓ કોઈની શેહ શરમમાં આવ્યા વિના જે કૃતિમાંથી ઉદ્‌ઘાટિત થાય છે તે વિશેનાં પોતાનાં તટસ્થ નિરીક્ષણો આપે છે. એ નિરીક્ષણોમાં મૌલિકતા એ એમની વિશિષ્ટતા છે. સહૃદય ભાવકચેતના, અભિગમોની એમના વિવેચનવિશેષો તરીકે ઊંડી સમજ, વિશ્વ સાહિત્યથી ઘડાયેલી નિરીક્ષણક્ષમતા, શાસ્ત્રીય પદ્ધતિએ રજૂઆત કરવાની નિપુણતા, લેખનમાં તાર્કિકતા અને સાધાર રજૂઆત મુખ્ય છે.

વિવેચકની વિવેચનપ્રતિભાનો અનુભવ વિષયને અનુરૂપ પરિભાષાના ઘડતરમાં થયો છે. વિવેચકે વિવેચનકાર્ય અંતર્ગત જ્યાં અનિવાર્ય જણાય છે ત્યાં પાશ્ચાત્ય વિવેચનની પરિભાષાઓ સાથે તેમનું ગુજરાતીમાં રૂપાંતર પણ આપ્યું છે જેનાથી પરિભાષા નિકટની બને છે. વિવિધ સિદ્ધાંતોની વિચારણા રજૂ કરતી વખતે વિવેચકે શક્ય હોય તે દરેક સ્થળે અંગ્રેજી કે જે તે ભાષાની પરિભાષા આપી એનો ગુજરાતી ભાષામાં ખૂબ જ નજીકનો અર્થ ધરાવતો શબ્દ શોધી પરિભાષા તરીકે પ્રયોજ્યો છે. જ્યાં શબ્દ ન મળે ત્યાં સંસ્કૃત ભાષાંનો શબ્દ ખપમાં લીધો છે અથવા તો નવો શબ્દ ઘડયો છે. નૂતન પારિભાષિક સંજ્ઞા ઘડતરમાં વિવેચકના ભાષાસામર્થ્યનું પ્રમાણ મળે છે. પારિભાષિકઘડતર માટે વિવેચકે પૂર્વગો, અનુગોનો ઉપયોગ કર્યો છે. જેમકે, પ્રતિભાષા, ઉપશિષ્ટ, અપરિચિતીકૃત, અધિસિદ્ધાંત, પલ્લવગ્રાહી, બહુબિંબ, તદ્દેશીય, પ્રાક્‌વિવેચન, અપચિત, સંસૂચના સિદ્ધાંત, સહસ્થાનત્વ, , રૂપિમ, નકારાર્થ, પરાવ્યક્તિ, સંસર્જનાત્મક વ્યાકરણ, વગેરે. (વિવેચકે ઘડેલા શબ્દોની યાદી અંતે આપી છે.) કેટલાક શબ્દો ભેગા કરીને સામાસિક શબ્દો બનાવ્યા છે જે પરિભાષા તરીકે ઉપયોગમાં લીધા

છે. જેમ કે, **અર્થવિલંબન, અર્થછલ, અર્થખેંચ, મનોવિદલિતો, સંસ્કારગંધી, સંઘાન સ્થગન, વિચલન નિર્દેશક, વિચલન સ્ફોટ, પરસ્પરામર્ત, કથાંશક્રમ, મરણભીતિ, વિન્યાસનિયંત્રણો, અર્થક્ષેત્ર, અતીતરાગરીતિ** વગેરે. વિવેચકે દરેક પરિભાષા એના ગુજરાતી ભાષાના અને મૂળ ભાષાના અર્થને શક્ય ત્યાં સુધી અનુસરે તથા એના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં રજૂ થાય એની કાળજી લીધી છે. ગુજરાતી સાહિત્ય વિવેચનમાં સર્વસ્વીકૃત અને ચલણી બની શકે એવી શાસ્ત્રીય પદ્ધતિએ નીપજાવેલી પરિભાષા એ વિવેચકનું નોંધપાત્ર પ્રદાન છે.

સિદ્ધાંતલક્ષી ચર્ચામાં એમનું પ્રદાન વિશ્વની વિવિધ વિચારણાને ગુજરાતીમાં રજૂ કરવાના પ્રયત્નોને કારણે વિશિષ્ટ બને છે. સંશોધનનિબંધમાં ચોમસ્કીના રૂપાંતરણશીલ વ્યાકરણના આધારે એમણે કાવ્યભાષાની તપાસનાં ઓજારો સંપડાવી આપ્યાં છે. વાદલક્ષી વિવેચનમાં અને સર્જકલક્ષી વિવેચનમાં એમણે વિષયને ન્યાય આપી શકાય અને એનો પરિચય આપી શકાય તે રીતે સામગ્રીને પ્રસ્તુત કરી છે. એમની વિશેષતા અને સીમાઓ સંદર્ભે જે તે પ્રકરણમાં નોંધ કરી જ છે, તેથી અહીં એનું પુનરાવર્તન ટાળ્યું છે. વિવેચક તરીકે એમની કેટલીક લાક્ષણિકતાઓ નોંધવી જરૂરી બને . વિવેચક કોઈ પણ લેખની માંડણી પદ્ધતિસર કરે છે. લગભગ દરેક મુદ્દો પ્રતીતિકર બને તે રીતે દાખલા-દલીલો, તર્ક, ઉદાહરણો સાથે રજૂ કરે છે. મોટે ભાગે લેખની શરૂઆત થતાં પહેલાં જ એ પોતાની ભૂમિકા અને દષ્ટિબિન્દુ નક્કી કરી લે છે. આ કારણે આખા લેખમાંથી વિરોધાભાસનાં પ્રશ્નો ક્યારેક જ ઊભાં થશે. આખો લેખ સળંગસૂત્રે બંધાયેલો હોવાની છાપ ઊભી થાય થાય છે. આ પદ્ધતિ વિવેચકની ભૂમિકા નિશ્ચિત કરી દે છે તેથી એક વિપરિત પરિણામ એ આવે છે કે લેખનો બધો ભાષાપ્રપંચ વિવેચકની નિશ્ચિત ભૂમિકા કે ગૃહીતને પ્રમાણિત કરવામાં પરોવાયેલો રહે છે. આ માટે કોઈ ને કોઈ ઉદાહરણ, અવતરણ કે સિદ્ધાંત એમને તર્કગમ્ય લાગે એવો મળી રહે છે. આ કારણે ઘણીવાર ચર્ચાના ક્ષેત્રો અધૂરાં રહી જાય છે. જેમકે, અછાંદસમીમાંસા, અનુવાદ, ગદ્ય-પદ્યના ભેદ, આધુનિકતાની સ્થાપના જેવાં વિષયોની ચર્ચા.

વિવેચકના વિવેચનકાર્યમાંથી એમની ભૂમિકા, એમની ભાષા, એમનાં અભિગમ અને યુગસંદર્ભના પ્રભાવને કારણે કેટલાંક પ્રશ્નો ઊભાં થાય છે. વિવેચકની ભાષા ઘણાં લેખોમાં પરિભાષાખચિત બની છે. ઘણી પરિભાષાઓ અર્થનું સીધું સંક્રમણ કરી શકે એવી સુબોધતા ધરાવતી નથી. તેને કારણે એ લેખન દુર્બોધ બને છે અને વિવેચનની પરિભાષા સંક્રમણશીલ બનતી નથી. વળી રૂપકાત્મક ભાષા અને શૈલીપરક ભાષા કૃતિ વિશેનાં અભિપ્રાયો અને નિરીક્ષણોમાં અતિમૂલ્યાંકન અને અલ્પમૂલ્યાંકનના પ્રશ્નો સર્જે છે. કૃતિ તપાસનો વિવેચકનો અભિગમ કોઇ વાર કૃતિને એનાં યોગ્ય પરિવેશમાં રજૂ કરી શકતો નથી. જેમકે 'અભિજ્ઞા' (ઉમાશંકર જોશી), 'સ્પંદ અને છંદ' (ઉશનસ્) વિશે 'અપરિચિત अ અપરિચિત ब'ની સમીક્ષાઓ કે 'જનપદ' (કાનજી પટેલ) વિશે 'ગ્રંથઘટન'ની સમીક્ષા.

શબ્દની બહુગ્રાહ્યતા સંદર્ભે વિવેચકે આપેલી કેટલીક વૃક્ષાકૃતિઓ, કૃતિગત શબ્દ પર કરેલાં કેટલાંક મિથ્યારોપણો અને અતિવાચનાના પ્રશ્નો પણ અભિગમોની પસંદગીના પરિણામે સર્જાયાં છે. યુગસંદર્ભનો પ્રભાવ પણ અભિગમો નક્કી કરે છે. તેથી ઉમાશંકર જોશી, રાજેન્દ્ર શાહ, ઉશનસ્ જેવાં કવિઓની કૃતિઓ વિશે 'અપરિચિત अ અપરિચિત ब'થી 'સહવર્તી/પરિવર્તી' સુધીમાં બે જુદા જુદા છેડાનાં અવલોકનો મળે છે. આધુનિકતાનો અભિનિવેશ વિવેચકને સ્વસ્થ અને ઉચિત મૂલ્યાંકનોથી દૂર લઈ જાય છે. વિવેચકે પોતાનાં ઘણાં લેખોમાં સંદર્ભગ્રંથોનાં નામ આપ્યાં નથી. આ કારણે એમણે ઉપયોગમાં લીધેલી સામગ્રી એ મૂળસ્ત્રોત છે કે દ્વૈતીયિક એની માહિતી મળતી નથી.

વિવેચક આશરે સાડા ત્રણ દાયકાથી પણ વધુ સમયથી વિવેચન ક્ષેત્રે પ્રવૃત્ત છે. એમની ચેતના એક બિન્દુએ આધુનિકતાવાદ સાથે તો બીજા બિન્દુએ અનુઆધુનિકતાવાદ સાથે સંકળાયેલી છે. એમની ચેતના પરિવર્તિત સમયનું વિત્ત અંકે કરે છે. બદલાતાં જીવનસંદર્ભો અને બદલાતાં વિવેચનનાં અભિગમો વિવેચન પ્રવૃત્તિમાં પરિવર્તનકારી અને પરિણામદાયી બનતાં હોય છે. વિવેચકનાં અભિગમો અને ભૂમિકા પણ પરિવર્તન પામતાં રહ્યાં છે. વિવેચકનો આધુનિકતા તરફી ઝોક એમનાં પ્રારંભનાં પુસ્તકોમાં જોવા મળે છે એ વાત સાચી, પણ સાથે

સાથે આધુનિકતા તરફનો એમનો અસંતોષ એમની વિચારણામાં એ જ પુસ્તકોમાં અવારનવાર પ્રગટ થયો છે. 'અપરિચિત ૩ અપરિચિત ૪'માં એમણે આધુનિકતાનો દાયકો વીત્યા પછીની સ્થિતિ વર્ણવી છે જેમાં એમનો સર્જનક્ષેત્ર તરફનો અસંતોષ સ્પષ્ટ જણાય છે ;

'પણ દાયકાની આ સિદ્ધિ સાથે અને પછી છેક અત્યારની હાંફતી અને **self parody**માં પડેલી કવિતાની આ સ્થિતિ છે : રાવજી, મણિલાલ તો સદ્‌ગત છે. લાભશંકર, સિતાંશુએ હવે પોતામાંથી આગળ વધવાની ક્ષણ ઝડપવાની રહે છે. પ્રિયકાન્ત મણિયાર અને રમેશ પારેખ હવે છ આંગળીએ નહિ પણ પાંચ આંગળીએ શ્રમ કરે છે. રાજેન્દ્ર શુક્લ ક્યારેક છમકલું કરી બતાવશેની દહેશત ચોક્કસ રહ્યા કરે છે. ચિનુએ હજી ન લખાયેલી કવિતાની શોધ પૂરી કરી નથી. ચંદ્રકાન્ત શેઠ એમનો કંઠ ખૂલું ખૂલું થયો છે ત્યારે જૂની કવિતાઓનો સંગ્રહ કરી બેઠા છે. ભાનુશંકર પંડ્યા, માધવ રામાનુજ, અને અન્ય નવીનો રાવજી અને રમેશ પારેખે એક્ઝોસ્ટ કરેલી ભાષાને વાપરી રહ્યા છે, યશવંત ત્રિવેદી એમણે તૈયાર કરેલી ભાષાના વ્યક્તિત્વમાં ફસાઈ ચૂક્યા છે. સુરેશ દલાલનો કવિતા સાથેનો સંબંધ હજી પણ બીભત્સ રહ્યો છે. સામયિકો લગભગ સ્થગિત છે.'

ગુજરાતી સાહિત્યિક ક્ષેત્રની આવી વિડંબનાભરી પરિસ્થિતિ એમણે અવારનવાર દર્શાવી છે. એમણે રૂપરચનાવાદી અભિગમના વિસ્તારની અપેક્ષા રાખી. નવા અભિગમની શોધ એમને ચોમ્સ્કીના સંસર્જનાત્મક વ્યાકરણની દિશામાં લઈ જાય છે. રૂપરચનાવાદી અભિગમને કારણે વિવેચકનો કાવ્યભાષા તરફનો માધ્યમ સંબંધી દષ્ટિકોણ દઢ થયો હતો. કાવ્યભાષા તરફી વલણ અને ભાષાવિજ્ઞાનના પ્રત્યક્ષ વિવેચનમાં પ્રયોગનું આકર્ષણ પણ એમાં મદદરૂપ બન્યું છે. ચોમ્સ્કીના સિદ્ધાંતની મર્યાદાઓથી તેઓ અજાણ નથી. કાવ્યવિવેચનમાં ચોમ્સ્કીનો સિદ્ધાંત કેટલો ઉપયુક્ત નીવડે છે એની વિવેચકે શોધ કરી છે. એ સિદ્ધાંતની ઉણપો ધ્યાનમાં આવતાં એમણે પછીથી એનો એટલો વ્યાપકપણે ઉપયોગ કર્યો નથી.

'સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન'(૧૯૮૫) થી 'વિવેચનનો વિભજિત પટ'(૧૯૯૦) સુધીના સમયગાળા દરમ્યાન વિવેચકનો કોઈ વિવેચનગ્રંથ પ્રકાશિત થયો નથી. આ સમય દરમ્યાન એમણે વિવિધ સાહિત્યિક સામયિકોમાં લઘુલેખો પ્રકાશિત

કર્યાં છે. આ લઘુલેખો સમાવતું પુસ્તક 'નાનાવિધ' ઈ.સ. ૧૯૯૯ માં પ્રકાશિત થયું છે. વિવેચકે 'નાનાવિધ'નાં લેખોમાં વિશ્વસાહિત્યનાં અનુઆધુનિકતાવાદ સંબંધી સિદ્ધાંતો અને વિવિધ પ્રવાહોનો પરિચય કરાવ્યો છે. આ પુસ્તકમાં વિવેચકની બદલાતી ભૂમિકાનાં પ્રમાણો જોઈ શકાય છે. 'નાનાવિધ'માં પ્રકાશિત લેખોનું વિસ્તરણ અનુગામી ગ્રંથોમાં જોવા મળે છે. વિવેચકે આ તબક્કે અનુઆધુનિકતાવાદી વિચારણાને અનુસરીને સર્જકલક્ષી, ભાવનલક્ષી, અન્ય સંદર્ભલક્ષી અને આંતરકૃતિત્વના સિદ્ધાંતોને પણ વિવેચનપદ્ધતિમાં આમેજ કર્યાં. આ અભિગમને પણ અંકે કરીને એમને વિવિધ ક્ષેત્રે પ્રયોજ્યો.

એમણે અભિગમ બદલ્યો, ધોરણો નહીં . આ કારણે કૃતિની ગુણવત્તા, પ્રતિભા અને આકારસિદ્ધિ માટેનો એમનો આગ્રહ યથાવત્ રહ્યો. તેથી કોઈ પણ પ્રકારના અભિનિવેશ વિનાનાં એમનાં લખાણો અને અવલોકનોમાં એક ધોરણ સદ્યંત જળવાયું. વિવેચકે અનુઆધુનિકતાવાદી અભિગમ અપનાવી કૃતિસંકેતોનું બાહ્ય સંદર્ભો પરનું અવલંબન સ્વીકાર્યું, પણ સાથે સાથે કૃતિની સંરચના, એનાં અંતરંગ ઘટકો એની ભાષા અને કવિકર્મનાં અંતરંગ સંદર્ભોને પણ પૂર્વવત્ પ્રાધાન્ય આપ્યું. આથી કૃતિ અંગેનાં એમનાં મૂલ્યાંકન ધોરણોની ગુણવત્તા મહદંશે જળવાઈ છે. હા, નવા અભિગમોનું એક પરિણામ એ આવ્યું કે વિવેચક કૃતિનાં આસ્વાદન મૂલ્યાંકન અને સમીક્ષાની ગંભીર પ્રવૃત્તિને બદલે 'રચનાવલી' જેવી સરળ અને સુબોધ એવી પરિચયાત્મક પ્રવૃત્તિમાં પણ જોડાયા.

વિવેચકનાં સિદ્ધાંતલેખો અને વિવેચન પદ્ધતિઓ પશ્ચિમની વિચારણા પર આધારિત છે. તેમાં આવેલાં પરિવર્તનો પણ ગુજરાતી સાહિત્યને બદલે પશ્ચિમની વિચારણાઓમાં આવેલાં પરિવર્તનો પર વધુ અવલંબિત છે. વિવેચકે ભારતીય કાવ્યશાસ્ત્રની વિચારણાનો વિનિયોગ કર્યો છે અને એ લેખોમાં પણ એમની નિષ્ઠાનાં પ્રમાણો મળે છે. આ સિદ્ધાંતોને ગુજરાતી કૃતિઓમાં એમણે સફળતાથી પ્રયોજ્યાં પણ છે, જે એમની સિદ્ધિનાં પ્રમાણો છે. પણ એક પ્રશ્ન એ ઊભો થાય કે આશરે સાડા ત્રણ દાયકાની સાતત્યપૂર્વકની વિવેચનપ્રવૃત્તિ પછી એમનું પોતાનું કહી શકાય એવું મૌલિક પ્રદાન શું? વિવેચક જ્યારે અનુઆધુનિકતાવાદ વિશે

સ્વતંત્ર પુસ્તિકા આપે છે ત્યારે એમાં ગુજરાતી સાહિત્યનો પરિપ્રેક્ષ્ય કેમ ગેરહાજર છે? અછાંદસમીમાંસાની ચર્ચામાં શા માટે ગૃહીતો અને અંગત માન્યતાઓ પ્રભાવી બને છે અને ચર્ચાને એકાંગી બનાવે છે? શા માટે 'નાનાવિધ', 'રચનાવલી' અને 'લઘુસિદ્ધાંતવહી' જેવાં પરિચયાત્મક પુસ્તકો પ્રકાશિત થતાં રહે છે અને સળંગસૂત્રે કોઈ મૌલિક વિચારણા આપતો અભ્યાસગ્રંથ ઉપલબ્ધ થતો નથી? વિવેચક બહુશ્રુત છે, વિદ્વાન છે, સામર્થ્યવાન છે. એમની પાસે પદ્ધતિ, પરિભાષા અને શાસ્ત્રીય સમજ છે. તેથી આવી અપેક્ષા સર્વથા ઉચિત છે.

સુરેશ જોષીના આગમન પછી ઈ.સ. ૧૯૬૦-૬૫ની આસપાસ આધુનિકતાવાદી પ્રવાહો ગુજરાતી સાહિત્યમાં સર્જન - વિવેચનક્ષેત્રે પ્રભાવક બન્યાં. 'ક્ષિતિજ', 'મનીષા', 'ઊહાપોહ', 'કૃતિ' જેવાં સામયિકોમાં પ્રકાશિત થયેલાં વિવિધ વિવેચનનાં અભિગમોના પરિચયે પરંપરિત, સંસ્કારધર્મી અને જીવનલક્ષી વિવેચનની તરેહ બદલી. સુરેશ જોષીએ 'નવોન્મેષની કવિતા' સંપાદનની પ્રસ્તાવના અને 'કવિતાનો આસ્વાદ' પુસ્તકમાં કૃતિતપાસનાં નવાં ઓજારોનો પરિચય કરાવ્યો. જે સમયે એમનાં પુરોકાલીન, સમકાલીન અને અનુકાલીન વિવેચકો કાર્યરત હતાં તે સમયે જ એમણે ઈ.સ. ૧૯૭૬માં ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં સુરેશ જોષીએ 'વિવેચનનો અંત?' શીર્ષકથી એક લેખ વાંચ્યો. આ લેખનો સૂર નિરાશાજનક હતો. 'એતદ્'માં 'આપણા વિવેચનની દશા અને દિશા' નામે સુમન શાહે લખેલી શ્રેણીનો અને એમના તાજેતરમાં પ્રકાશિત વિવેચનગ્રંથ 'સિદ્ધાન્તે કિમ્'ની પ્રસ્તાવનામાં પણ એવો જ નિરાશાજનક સૂર છે. ચન્દ્રકાન્ત ટોપીવાળાએ પણ અવારનવાર વિવેચન પ્રવૃત્તિની ગંભીરતા એમનાં લેખોમાં સમજાવી છે. ગુજરાતી વિવેચન હજુ સુધી નારીવાદી, દલિતવાદી કે દેશીવાદના સાહિત્યનું કોઈ કાવ્યશાસ્ત્ર ઘડી શક્યું નથી. વિવેચન ક્ષેત્રે આવેલી આ સ્થગિતતા આપણા પૂર્વ-પશ્ચિમના સિદ્ધાંતો પરના પરંપરાથી સ્વીકારેલા પરાવલંબનને કારણે છે કે આપણે ત્યાં પ્રતિભાવાન સર્જનાત્મક કૃતિઓની ઊણપ છે ? તેનો ઉત્તર મેળવવો જરૂરી છે. વિદેશી

વિચારણાના આધારો લેવા જોઈએ પણ એના પર જ આધારિત રહેવાના આવતું પરાવલંબન ઘાતક નીવડે છે.

વિવેચનની સાંપ્રત પરિસ્થિતિથી આપણા અગ્રણી વિવેચકો સંતુષ્ટ નથી. વિવેચનના વાર્ષિક સરવૈયામાં પણ વિવેચન પ્રવૃત્તિ વિશે ફરિયાદનો સૂર સંભળાય છે. મોટા ભાગનું વિવેચન સંસ્કારધર્મી, પ્રતિભાવલક્ષી, અધ્યાપકીય પ્રવૃત્તિના પરિણામ સ્વરૂપ કે અભિનિવેશપૂર્વકનું છે. આ સ્થગિતતાની વચ્ચે વિવેચકનું સ્થાન ક્યાં એવો પ્રશ્ન થાય છે. વિવેચક પોતાની અભ્યાસશીલતાને કારણે આ પરિસ્થિતિમાંથી ઉપર ઊઠી શક્યા છે. પણ વિચારવિશ્વનો કોઈ નવો વળાંક (paradigm shift) સર્જી શકે એવો કોઈ ઉન્મેષ એમની વિવેચનપ્રતિભા દાખવી શકી નથી. સ્વીકારી લઈએ કે એમના સિદ્ધાન્તોનું અનુસરણ યોગ્ય પ્રમાણમાં ન થઈ શક્યું. તો સામે પક્ષે અનુસરણની ફરજ પાડે એવા સિદ્ધાંતો હતા ખરા? વિવેચકે એક તબક્કે પોતે સ્વીકારેલા સંસર્જનાત્મક વ્યાકરણ આધારિત કે ભાષાવિજ્ઞાન આધારિત કૃતિ તપાસના અભિગમો એમણે પોતે પણ પછીથી અપનાવ્યા નથી. હાલના તબક્કે સામયિકોમાંની એમની નિયમિત કૉલમોનું કેન્દ્ર દરેક વખતે સાહિત્યક પ્રવૃત્તિ નથી હોતું. તો એક પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે વિવેચક પોતાની હાલની પ્રવૃત્તિઓથી સંતુષ્ટ છે?

અભિગમો અનુસાર એમણે પોતાની રુચિ અને પ્રવૃત્તિમાં પરિવર્તનો આણ્યાં છે. પરિવર્તનો અપનાવી સ્થગિતતાથી બચવું દરેક તબક્કે આવશ્યક હોય જ છે. વિવેચક સ્થગિત નથી બન્યા અને નવી દિશાઓ તરફ દૃષ્ટિ દોડાવતા રહ્યા છે. એમના વિવેચનકાર્યને હકારાત્મક અને નકારાત્મક બંને દૃષ્ટિકોણથી મૂલવી શકાય. આશરે સાડા ત્રણ દાયકા સુધી નિરંતર ચાલેલા અભ્યાસનું મૂલ્ય શું? એમનું વિવેચનના અભ્યાસુને કે સામાન્ય ભાવકને નેતૃત્વ પૂરૂં પાડી શકે ખરું? વિવેચકના કાર્યને મૂલવતી વખતે મને આવા પ્રશ્નો થાય છે. આ તબક્કે મારા શોધનિબંધના અભ્યાસના ભાગરૂપે હું એમના પ્રદાનને હકારાત્મક ભૂમિકાએ સ્વીકારું છું.

વિવેચકનું કાર્ય સફળ નેતૃત્વ ભલે પ્રદાન નથી કરી શક્યું, પણ એમના વિવેચનકાર્યની ઘણી નોંધપાત્ર વિશિષ્ટતાઓ છે. એમની અભ્યાસુ વૃત્તિ,

પદ્ધતિસરનો અભ્યાસ, નવા સિદ્ધાંતો અને પ્રવાહોના સતત સંપર્કમાં રહેતી રુચિ, પૂર્વ-પશ્ચિમના સિદ્ધાંતોને ગુજરાતી ભાષાની કૃતિઓ સાથે સાંકળવાના સંનિષ્ઠ પ્રયત્નો, વિશ્વના વિચાર વલણોને સાથે રાખી સ્વભાષાની કૃતિઓના નવોન્મેષો અને પ્રતિભાને પુરસ્કારવાનો સાતત્યપૂર્વકનો અભ્યાસયોગ, સિદ્ધાંતોની સ્પષ્ટ સમજણ, ગુજરાતી વિવેચન પ્રવાહને વૈશ્વિક પ્રવાહોથી પરિચિત કરાવવાના ઉપક્રમો, પોતાની ભાષાને સમૃદ્ધ રે એવાં નવાં ભાષારૂપો શોધવાની મથામણો; જેવી વિવિધ વિવેચનાત્મક પ્રવૃત્તિનું મૂલ્ય ઓછું ના આંકી શકાય. બધી જ પ્રતિભા પ્રવાહોને બદલી શકે એવી સામર્થ્યવાન નથી હોતી. પ્રવાહનો સમજણપૂર્વકનો આદર કરે, પ્રવાહને અનુસરે, પ્રવાહથી ઊફરાંટે જાય કે પ્રવાહથી અલિપ્ત રહે, એવી વ્યક્તિમત્તા સમયના દરેક તબક્કે ક્રિયાશીલ હોય છે. વિવેચક પ્રવાહનો સમજણપૂર્વક આદર કરીએને સ્વીકારે છે. થોડી સીમાઓ સાથે પણ વિવેચનક્ષેત્રે ચન્દ્રકાન્ત ટોપીવાળા એમના ગુણવત્તા અને ઈયત્તાને કારણે એક વિશિષ્ટ સ્થાનના અધિકારી છે.